## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ



લોકડાઉનની બીક નથી લાગતી... પણ ઘરે રહીએ ત્યારે કચરા પોતા વાસણ...!!

### સેલ્ફીનો શોખ મોંઘો પડ્યો

# નર્મદા કેનાલમાં નિરમા યુનિવર્સિટીના ૪ વિદ્યાર્થીઓ ડુબ્યા : ૩નો આબાદ બચાવ

ગાંધીનગર, તા. ૭

નિરમા યુનિવર્સિટીના ૪ વિદ્યાર્થીઓને અડાલજ વોટર સાઈડ હોટલ નજીક કેનાલ પાસે ફોટોગ્રાફી કરવી મોંઘી પડી છે. કેનાલ નજીક ફોટા પાડવા જતા અચાનક એક પછી એક ચાર વિદ્યાર્થીઓ કેનાલમાં પડ્યા હતા. પરંતુ કેનાલ પર હાજર નાગરીકોએ દુપટ્ટા તેમજ અન્ય કપડાનો રસ્સો બનાવી ત્રણ વિદ્યાર્થીઓને હેમખેમ બહાર કાઢી લીધા હતા. જયારે એક વિદ્યાર્થીનો મૃતદેહ તરવૈયાઓની મદદથી બહાર નીકાળ્યો હતો. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અડાલજ માર્ગ પર આવેલા રીવર સાઈટ નર્મદા કેનાલ પાસે ગતરોજ સાંજના સુમારે નિરમા યુનિવર્સિટીના એમબીએના ચાર સ્ટુડન્ટ ફોટોગ્રાફી કરી રહ્યા હતા. તે સમયે ધીમીધારે વરસાદ વરસી રહ્યો હતો. ત્યારે ચારેય વ્યકિત કેનાલના ઢાળ પર જઈને ફોટો પાડવા લાગ્યા હતા. એ જ સમયે એક વિદ્યાર્થીનો પગ લપસતા તે કેનાલના પાણીમાં ગરકાવ થયો હતો. જયારે ગણતરીના સમયમાં ચાર વિદ્યાર્થીઓ કેનાલમાં એકબીજાને બચાવવાના ચક્કરમાં પડ્યા હતા. એ સમયે ત્યાંથી પસાર થઈ રહેલા વ્યકિતએ કહ્યું હતું કે કેનાલ પાસેના માર્ગ પસાર થતા સમયે બુમાબુમ સંભળાઈ હતી. જેથી તે વ્યકિત અવાજની દિશા તરફ ગયો હતો. જયાં એક યુવતિ અને બે યુવકો પાણીમાં ડુબી રહ્યા હતા. આ સમયે વિદ્યાર્થીઓની મદદે વાહનચાલકો તેમજ અન્ય નાગરીકો પણ દોડી આવ્યા હતા. ત્યારે રીક્ષા ચાલક પાસે દોરડુ હતુ તે અને બીજા અન્ય મહિલાઓએ તેમનો દુપટ્ટો આપતા રસ્સો બનાવી કેનાલમાં ડુબતા વિદ્યાર્થીઓને આપ્યો હતો. આ દુપટ્ટા વડે યુવતિ બહાર આવી ગઈ હતી. ત્યારબાદ ફરીવાર રસ્સો કેનાલમાં નાંખતા અન્ય બે યુવકો પણ કેનાલની બહાર આવી ગયા હતા. યુવતિએ જણાવ્યું હતું કે ફોટો પાડતી સમયે આ ઘટના સર્જાઈ હતી. એક સમયે યુવક બહાર આવી ગયો હતો.પરંતુ યુવતિને બચાવવા જતા તે ઉંડા પાણીમાં ગરકાવ થઈ ગયો હતો. ફાયરના જવાનોએ કેનાલમાં યુવકની શોધખોળ આદરી હતી પરંતુ યુવક મળી આવ્યો ન હતો. ત્યારબાદ સ્થાનિક નાગરીકોની મદદ થી મૃતદેહ બહાર નીકાળ્યો હતો.નિરમાના ચાર વિદ્યાર્થીઓ કેનાલમાં ડુબ્યા હતા તેમાં ત્રણનો આબાદ બચાવ થયો હતો.જયારે એક મધ્યપ્રદેશના વતની મયંકરાજસિંગ કરણસિંગ રાઠોડ (ઉં.૨૨, નાગદા, તા. ઉજજૈન મધ્યપ્રદેશ)નો મૃતદેહ મળી આવ્યો હતો. પોલીસે પીએમ કરાવી કાનુની કાર્યવાહી કરી આગળની તપાસ હાથ ધરી છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લા પંચાયતની અપીલ સમિતિની બેઠક આજે સોમવાર પર મુલત્વી રહી છે.
- જિલ્લા કલેકટરના અધ્યક્ષપદે કરૂણા અભિયાનના આયોજનના અમલીકરણ અંગે બેઠક મળી હતી.
- સે. ૭ની પ્રાથમિક શાળા ખાતે સંસ્કૃત-સંભાષણ દિવસની ઉજવણી કરાઈ હતી.
- ડૉ. દિનકરભાઈ ગોસ્વામી અને તેમની પત્ની ડૉ. નિશાબેન ગોસ્વામી કોરોના પોઝીટીવ થતાં હોમ આઈસોલેટ થયા છે.
- દહેગામમાં થેલીને બ્લેડ મારી ગઠિયો ચાલીસ હજાર લઈ ફરાર થયાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે.
- કૃભકોના ડિરેકટર પરેશ પટેલનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.
- હિસાબી સેવાના ૭૩ જેટલા અધિકારીઓને બઢતી આપતા હુકમો જારી કરવામાં આવ્યા છે.
- આંકડા અધિકારીઓની આજે વિડીયો કોન્ફરન્સના માધ્યમથી માસિક કામગીરીની સમીક્ષા કરાઈ હતી.
- મનપાના હિસાબી અધિકારી સોરાની બદલી થઈ છે. તેમજ ઓડિટરની પણ બદલી થઈ છે.

# પોલીસના ગ્રેડ - પે મામલે શહેરમાં મહિલાઓનું આંદોલન

રાજયમાં પોલીસ કર્મચારીઓના ગ્રેડ પેમાં વધારો કરવાની માંગ સાથે ફરીવાર આંદોલનના શ્રી ગણેશ થયા છે. શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે ઉપવાસ આંદોલન પર બેસવા માટે પોલીસ પરિવારની મહિલાઓએ મામલતદારને આવેદન પત્ર પાઠવ્યું હતું. પરંતુ ઉપવાસ આંદોલનને મંજુરી નહી મળતા પોલીસ પરિવારના સભ્યોએ રેન્જ આઈજી ની કચેરી પાસે આવેલી કોલોની ખાતે સુત્રોચ્ચાર સાથે ધરણાનો પ્રારંભ કર્યો હતો. જયારે પોલીસે ૧૦ થી વધુ ધરણા પર



બેઠેલી મહિલાઓની અટકાયત કરી હતી.

પ્રાપ્ત માહિતી મુજબ પોલીસ પરિવારના સભ્યો દ્વારા મામલતદાર અને સેકટર-૭ પોલીસ મથક ખાતે તા.૬ જાન્યુઆરીના રોજ લેખિત રજુઆત કરી હતી. બે માસ પહેલા ધરણાની મંજુરી માંગી હતી, પરંતુ તંત્ર દ્વારા મંજુરી મળી ન હતી. ત્યારે ફરીવાર પોલીસ પરિવારના સભ્યો ગ્રેડ પે મુદ્દે છાવણી ખાતે ધરણા કરવાની છે. ન્યાય ન મળે ત્યાં સુધી ૫૦ થી વધુ મહિલા આંદોલન કરશે.મહિલાઓના સમર્થનમાં તેમના પતિ, ભાઈ કે બહેનો પણ જોડાશે અને આંદોલન તા. ૭મી જાન્યુઆરીથી પ્રારંભ થશે. આંદોલન સમયે કોઈ નિયમનું ઉલ્લંઘન ન થાય તે માટે નિયમોની લેખિત જાણ કરવા જણાવાયું હતું.તંત્ર દ્વારા ધરણાને મંજુરી ન મળતા શુક્રવારના રોજ સવારે પોલીસ પરિવારની મહિલા સભ્યો છાવણી ખાતે આવી પહોંચી હતી.જો કે છાવણી ખાતે ગુરુવારના રોજ રાત્રીના સમયથી બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો. જયારે મહિલાઓને આંદોલન પર બેસવાની મંજુરી આપવામાં આવી ન હતી. જેથી પોલીસ પરિવારની મહિલા સભ્યોએ સેકટર-૨૭ રેન્જ આઈજીની કચેરી નજીક પોલીસ કવાટર્સ ખાતે સુત્રોચ્ચાર સાથે ધરણા યોજ્યા હતા. ધરણાની જાણ થતા પોલીસ અધિકારીઓમાં ભય જોવા મળ્યો હતો.

## આર્ષ પ્રવનચમાળાનું વ્યાખ્યાન મોકુફ

ગાંધીનગર, તા. ૭

દેશ વિદેશમાં ફેલાયેલા કોરોના વાયરસને કારણે ગુજરાત સરકારે જાહેર કરેલ સુચના મુજબ તકેદારી અને સાવચેતીના આગોતરા પગલારૂપે જાહેર કાર્યક્રમો ન યોજવા અનુરોધ કર્યો છે. તેથી 'આર્ષ' અક્ષરધામ દ્વારા આયોજિત 'આર્ષ પ્રવચનમાળા'ના પ્રવચન-૯૮નો તા. ૮-૧-૨૦૨૨ના રોજ આયોજેલ કાર્યક્રમ મોકૂફ રાખેલ છે. હવે પછી ઓનલાઈન પ્રવચનની તારીખ ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે. જેની આર્ષ પ્રવચનમાળામાં ભાગ લેતા શ્રોતાઓએ નોંધ લેવા વિનંતી છે.

## સમર્પણ સ્કુલ ઓફ લૉ દ્વારા 'સ્ત્રી અને કાયદો' વિષય પર કાર્યશાળા

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત સમર્પણ સ્કૂલ ઓફ લો ખાતેના મફત કાનૂની સહાય કેન્દ્ર તેમજ



મહાદેવ દેસાઈ ગ્રામ સેવા સંકુલ, સાદરા રાષ્ટ્રીય સેવા યોજનાના સંયુકત ઉપક્રમે એક દિવસીય કાર્યશાળા 'સ્ત્રી અને કાયદો' વિષય પર યોજાયો હતો. જેમાં સમર્પણ સ્કૂલ ઓફ લોના પ્રિન્સીપાલ ડૉ. પી.કે. પંડયાએ તેમના વકતવ્યમાં કાયદાઓ, સમાજ અને તે તરફની જવાબદારી વિષયે પીએલવી જયરામ સોનીએ પોકસો એકટ વિષય પર, પ્રો. સુનિતા ચૌહાણે કામના સ્થળે સ્ત્રીઓની થતી જાતીય સતામણી અંગેના કાયદાઓની ચર્ચા કરી હતી. એલએલબીના વિદ્યાર્થીઓ ચંદ્રેશભાઈ પારેખે સ્ત્રીઓને લગતા કાયદા અને રાહુલ સોલંકીએ ઘરેલું હિંસાના કાયદા અંગે સુંદર રજુઆત કરી હતી તેમજ સમર્પણ સ્કૂલ ઓફ લોના અન્ય વિદ્યાર્થીઓએ પણ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

આ કાર્યક્રમનું સંચાલન ડૉ. દિવ્યેશકુમાર ભટ્ટે કર્યું હતું પ્રો. અનમોલસિંહ અને ડૉ. સતનામ તુટેજાએ આ કાર્યક્રમને સફળ બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. સંસ્થાના ટ્રસ્ટી મહેન્દ્રસિંહ વાઘેલાએ અને કેમ્પસ રજીસ્ટ્રાર ડૉ. એમ.ડી. પાંડેએ યોગ્ય માર્ગદર્શન અને પ્રોત્સાહન આપ્યું હતું.

# ઉત્તરાયણના પર્વ નિમિત્તે ૧૧ દિવસ સુધી કરૂણા અભિયાનનું આયોજન

### ગાંધીનગર જિલ્લામાં તા. ૧૦ થી ૨૦ જાન્યુઆરી દરમ્યાન ઘાયલ થયેલ પશુ- પક્ષીઓની જાણ કંટ્રોલ રૂમ નંબર- ૯૪૮૪૮૭૬૪૫૧ અને ૮૩૨૦૦૦૨૦૦૦ પર કરી શકાશે

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા દર વર્ષે ઉત્તરાયણ પર્વ દરમ્યાન પતંગના દોરાથી ઘાયલ થતાં પક્ષીઓને બચાવવા કરુણા અભિયાન ઉજવવામાં આવે છે. પર્વમાં ઘાયલ થયેલા પશુ-પક્ષીઓને સારવાર આપવા માટે દર વર્ષથી જેમ આ વર્ષે પણ તા. ૧૦ થી ૨૦ જાન્યુઆરી- ૨૦૨૨ દરમ્યાન કરૂણા અભિયાનનું આયોજન કરવામાં આવશે. આ કરુણા અભિયાનમાં પક્ષીઓને બચાવવા અંગે આજરોજ જિલ્લાના નાયબ વન સંરક્ષક એસ.એમ.ડામોરના અધ્યક્ષ સ્થાને પશુપાલન વિભાગના ડાંકટરો, જીવ દયાપ્રેમી સ્વૈચ્છિક સંસ્થાઓ અને પક્ષી પ્રેમીઓની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં પક્ષીઓને બચાવવા કરવામાં આવનાર કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી.

આ બેઠકમાં જિલ્લાના નાયબ વન સંરક્ષક એસ.એમ.ડામોરે જણાવ્યું હતું કે, ગાંધીનગર જિલ્લામાં ઉત્તરાયણના સમય દરમ્યાન કોઈ પક્ષી ઘાયલ થાય તો તે અંગેની જાણ નાગરિકો સરળતાથી કરી શકે તે કંટ્રોલ રૂમ શરૂ કરવામાં આવશે. કોઈપણ નાગરિક ઘાયલ થયેલા પશુ-પક્ષીઓની સેવા માટે મોબાઈલ નંબર—૯૪૮૪૮૭૬૪૫૧ અને ૮૩૨૦૦૦૨૦૦૦ પર કરી શકશે. નાયબ વન સંરક્ષકએ વધુમાં જણાવ્યું હતું કે, મોર, ઘુવડ, સમડી જેવા શિડયુઅલ પક્ષીઓ ઘાયલ થાય તો તે અંગેની જાણ તાત્કાલિક વન ખાતાને કરવા નાગરિકો અને પશુ દવાખાના ડાંકટરોને ભારપૂર્વક જણાવ્યું હતું.

પશુપાલન અધિકારી એસ.આઈ.પટેલે જણાવ્યું હતું કે, ઘાયલ થયેલા પશુ- પક્ષીઓને તાત્કાલિક સારવાર મળી રહે તે માટે ઉત્તરાયણના તહેવારમાં પણ જિલ્લાના તમામ પશુ દવાખાનાઓ ચાલું રહેશે. ઘાયલ થયેલા પશુ- પક્ષીને નજીકના દવાખાનામાં પણ નાગરિકો લઈ આવશે, તો તેની સારવાર કરાવી શકશે. મામલતદાર ડૉ. જીનલ શાહે જણાવ્યું હતું કે, ગત વર્ષથી જેમ આ વર્ષે પણ ઉત્તરાયણના તહેવાર બાદ દોરી ગૂંચળાનો જથ્થો જે કોઈ નાગરિકો નજીકના પશુ દવાખાના અથવા વન ખાતાની કચેરીમાં જમા કરાવશે, તેમને ૧ કિલોગ્રામ જેટલી દોરી પણ રૂપિયા ૩૦/-નું વળતર ચુકવવામાં આવશે. તેમજ ચાઈનીઝ દોરી પર કોઈ પંતગ ચગાવતું હોય કે વેચાણ કરતું હોય તો કંટ્રોલ રૂમ પર કરવા ભારપૂર્વક જણાવ્યું હતું. આ અંગે કાયદેસરની કાર્યવાહી કરવાનું પણ જણાવ્યું હતું. આ બેઠકમાં જિલ્લાની વિવિધ જીવદયા પ્રેમી સંસ્થાના અગ્રણીઓ અને સંબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ઉત્તરાયણ પર કોરોનાની ત્રીજી લહેરનો ઓછાયો

રાજ્યમાં સતત વધી રહેલા કોરોના કેસોના પગલે વાઈબ્રન્ટ સમિટ સહિત સરકારી આયોજનનો રદ કરી દેવાતા હવે પતંગરસિયા નાગરિકોમાં ફડક પેસી ગઈ છે કે જો આ કોરોનાની ત્રીજી લહેર હશે તો આ વખતે પણ ઉત્તરાયણની મજા બગડી શકે છે. વળી, આ સંજોગોમાં ઉત્તરાયણના પર્વ સંદર્ભે સરકાર કડક ગાઈડલાઈન જાહેર કરે તેવી શક્યતા પણ નાગરિકો વ્યક્ત કરી રહ્યાં છે જેથી પતંગ-દોરીની ખરીદીથી માંડીને મિત્રો કે સગા-સંબંધીઓ સાથે મળીને ઉત્તરાયણનો આનંદ લૂંટવાના આયોજનો કરવા બાબતે ભારે અવઢવ જોવા મળી રહી છે.

## પ્રકૃતિ યુવા સેવા ટ્રસ્ટે ગત સપ્તાહમાં દોરીથી ઘાયલ ૧૬ પક્ષી રેસ્કયુ કર્યા

ગાંધીનગરમાં આશરે છેલ્લા પાંચેક વર્ષથી પ્રકૃતિ યુવા સેવા ટ્રસ્ટ દ્વારા સતત બારેમાસ સાપ અને પશુ-પક્ષી વગેરેના બચાવકાર્યની સેવા આપવામાં આવે છે જે અંતર્ગત ગત સપ્તાહમાં તેમના દ્વારા આશરે ૩૬ જેટલાં રેસ્ક્યુ કાર્યો કરાયા હતા જેમાં ૧૮ કોલ પક્ષીઓના રેસ્કયુ માટેના હતા અને તે પૈકી ૧૬ કોલ દોરીથી ઘાયલ થયેલાં પક્ષીઓના હતા. આ બચાવકાર્યમાં કબૂતર ઉપરાંત ઘુવડ, સમડી અને હરિયલ જેવાં પક્ષીઓના ઘાયલ થવાના હતા તેમજ ચારથી પાંચ કેસમાં ચાઈનીઝ દોરીથી પક્ષી ઘાયલ થયેલાં હતા તેથી પ્રકૃતિ યુવા સેવા ટ્રસ્ટના સ્વયંસેવકો દ્વારા નાગરિકોને ચાઈનીઝ દોરીનો ઉપયોગ ના કરવા ભારપૂર્વક વિનંતી કરવામાં આવી છે તેમજ વહીવટી તંત્રને પણ શહેરમાં હજુ પણ ચાઈનીઝ દોરીનો ઉપયોગ થઈ રહ્યો છે જે અંગે કડક પગલાં ભરવા અનુરોધ કરવામાં આવ્યો છે. ગત તા.૨૬મી ડિસેમ્બરથી પ્રકૃતિ યુવા સેવા ટ્રસ્ટ દ્વારા પક્ષીઓના રેસક્યુ અભિયાનનો પ્રારંભ કરી દેવાયો છે. ઘાયલ પક્ષીના રેસ્કયુ માટે તેમનો સંપર્ક કરવા મો.નં.૯૮૯૮૮ ૨૫૬૨૧ અથવા મો.નં.૭૮૭૪૦ ૦૮૭૮૮ ડાયલ કરવા જણાવાયું છે.

# સ્વાગત ફલેમિંગો પાસેથી બાઈક ચોરાયું

ગાંધીનગર, તા. ૭

સરગાસણ સ્વાગત ફેલમીંગો શોંપીગની દુકાન નં.૧ ની સામે પાર્ક કરેલુ બજાજ પલ્સર બાઈકની ચોરી થવા પામી છે. બાઈક પાર્ક કરીને અમદાવાદ જઈને પરત આવે તે પહેલા બાઈકની ચોરી થઈ હતી.બનાવ અંગે ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સરગાસણ સહજાનંદ હોમ્સ-૨ બી.૧૦૩ ખાતે જીગ્નેશ જીતેન્દ્રભાઈ ઠક્કર (ઉં.૨૮) પોતાની પત્ની સાથે રહે છે અને સ્પર્ધાત્મક પરિક્ષાની તૈયારી કરે છે. જીગ્નેશભાઈના મિત્ર અનિલ ઠક્કરે છેલ્લા બે માસથી તેઓને બજાજ પલ્સર બાઈક નં. જી.જે.૦૮.બી.ડી.-૪૯૮૭ ફેરવવા માટે આપ્યું હતું. ગત તા.૫ જાન્યુઆરીના રોજ બજાજ બાઈક સ્વાગત ફેલમીંગોની શોંપીગની દુકાન પાસે પાર્ક કરીને બપોરના ૧૨ વાગે અમદાવાદ કામઅર્થે ગયા હતા. ત્યારબાદ તા.૬ ને સાંજના ૫ વાગે પાર્ક કરેલી જગ્યા પર બાઈક લેવા જતા બાઈક ન હતું. જેથી આસપાસના વિસ્તારમાં બાઈક અંગે શોધખોળ આદરી હતી. પરંતુ બાઈક મળી આવ્યું ન હતું. આખરે રૂ.૨૦ હજારના બાઈક ચોરી અંગે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.




## નેશનલ ડેડલીફ્ટ ચેમ્પિયનશીપ-૨૦૨૧ માં શહેરનો પોલીસ જવાન પ્રથમ સ્થાને

તાજેતરમાં સુરત ખાતે નેશનલ બેન્ચપ્રેસ ચેમ્પિયનશીપ-૨૦૨૧ અને નેશનલ ડેડલીફ્ટ ચેમ્પિયનશીપ-૨૦૨૧ નું આયોજન કરવામાં આવ્યું હતું. આ નેશનલ ચેમ્પિયનશીપમાં ભારતભરમાંથી સ્પર્ધકો ઉત્સાહભેર ભાગ લીધો હતો. ત્યારે ગાંધીનગર જિલ્લા પોલીસ વડાની કચેરી ખાતે ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ જીગ્નેશ કિરીટભાઈ મોદી એ આ નેશનલ ડેડલીફ્ટ ચેમ્પિયનશીપમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યુ હતું. તો બીજીતરફ સુરત ખાતે આયોજીત નેશનલ બેન્ચપ્રેસ ચેમ્પિયનશીપમાં તૃતિય સ્થાન મેળવી ગાંધીનગર શહેર પોલીસ અને ગુજરાત પોલીસનું નામ રોશન કર્યુ છે. ત્યારે ગાંધીનગર જિલ્લા પોલીસ વડા મયુર ચાવડા દ્વારા જીગ્નેશ કિરીટભાઈ મોદીને આ સિદ્ધી બદલ અભિનંદન સહ શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

# મગોડી પી.આર. ઠક્કર વિદ્યાવિહાર શ્રેષ્ઠ શાળા તરીકે એવોર્ડ વિજેતા બની

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર તાલુકાની મગોડી સ્થિત પી.આર. ઠક્કર વિદ્યાવિહાર ગાંધીનગર જિલ્લાની શ્રેષ્ઠ શાળા તરીકે એવોર્ડ પ્રાપ્ત કર્યો. જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી અને ગાંધીનગર જિલ્લા આચાર્ય સંઘના સંયુક્ત ઉપક્રમે આયોજિત જિલ્લા આચાર્ય સંઘના અધિવેશનમાં સદર શાળાને વર્ષ-૨૦૨૦-૨૧ની શ્રેષ્ઠ શાળા તરીકે એવોર્ડ રાજ્ય આચાર્ય સંઘના પ્રમુખ જે.પી. પટેલ, જિલ્લા શિક્ષણાધિકારી ડૉ. ભરત વઢેર તેમજ સંઘના તમામ હોદ્દેદારોની હાજરીમાં શાળાના આચાર્ય મનુભાઈ પ્રજાપતિએ સ્વીકાર્યો હતો. શ્રેષ્ઠ શાળાના એવોર્ડ બદલ શ્રી કેળવણી મંડળ, પ્રમુખ, મંત્રી તેમજ તમામ હોદ્દેદારોએ તથા ગ્રામજનોએ શાળાના તમામ પરિવારને અભિનંદન પાઠવી શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી.



# સર્કયુલર ઈકોનોમી પર કાર્ય કરતું ગાંધીનગરનું અનોખું સ્ટાર્ટઅપ

ગાંધીનગર, તા.૭

કડી સર્વ વિશ્વ વિદ્યાલયમાંથી એન્જિનિયરિંગનો અભ્યાસ પૂર્ણ કર્યા બાદ ગાંધીનગરના ૨ યુવા મિત્રો પ્રણવ દેસાઈ અને દીપ ભૂવાએ આત્મનિર્ભરતાના હેતુ સાથે ઈીર્ષ્ઠર્જીજ્ઞેહ નામનું સ્ટાર્ટઅપ શરૂ કર્યું હતું.

આ સ્ટાર્ટ અપ હાલ ગાંધીનગર, અમદાવાદ તેમજ આસપાસના વિસ્તારમાંથી સેગ્રીગેટેડ પ્લાસ્ટીક અને ઈન્ડસ્ટ્રીયલ વેસ્ટ એકત્રિત કરી લોકોમાં કલાઈમેટ ચેન્જ અને કાર્બન ફુટપ્રિન્ટ, પ્લાસ્ટિક રીસાયકલિંગ જેવા વિષયોમાં જાગૃતતા લાવવા પ્લાસ્ટિક વેસ્ટમાંથી રીસાયકલ્ડ પ્રોડકટસ જેવી કે સ્ટુલ્સ, બેન્ચીસ, રાઈટીંગ બોર્ડ તેમજ જવેલરી પ્રોડકટસ બનાવે છે.

સોશિયલ એન્ટરપ્રીન્યોરશીપમાં કાર્ય કરી રહેલા આ યુવાઓ રીમોટ રીસાયકલીંગ ટેકનોલોજી દ્વારા ટુરીઝમ જગ્યાઓ, આઈલેન્ડ તેમજ પર્વતીય વિસ્તારમાં પ્લાસ્ટિક વેસ્ટનું રીસાયકલીંગ થાય એ હેતુથી કોમ્પેકટ રીસાયકલીંગ મશીન્સ તૈયાર કરે છે. આ સ્ટાર્ટ અપમાં હાલ ૧૧ યુવાઓ લોકોમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતતા લાવવા કાર્યરત છે.

સેકટર-૭ કોમ્યુનિટી હોલમાં આયોજિત ત્રણ દિવસીય એકિઝબીશનમાં તેમની વિવિધ વસ્તુઓ અને એમના કાર્ય વિશે જાણી શકાશે.


### જાહેર નિવિદા ૬ સને ૨૦૨૧-૨૨

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, સચિવાલય સંકુલ વિદ્યુત પેટા વિભાગ નં.૨, વિજ સબસ્ટેશન, વિધાનસભા, નવા સચિવાલય, ગાંધીનગર-૩૮૨૦૧૦ (ટે.નં. ૨૩૨ ૫૯૪૬૯/૭૦) દ્વારા વિજળીકરણ લગતા કામ નં. ૧ થી ૩ જેની અંદાજિત કિંમત રૂ. ૯૬૪૫૫.૦૦ થી રૂ. ૯૯૩૯૭.૦૦ છે.

જે માટે યોગ્ય શ્રેણીમાં નોંધણી થયેલ વિદ્યુત પરવાના ધરાવતા ઠેકેદારો અથવા જે તે કામના નિષ્ણાંત અને અનુભવી ઠેકેદારો પાસેથી ટેન્ડરો મંગાવવામાં આવે છે. આ પૈકી ક્ર. ૧ થી ૩ કામના કોરા ટેન્ડર આપવાની છેલ્લી તા. ૧૭/૧/'૨૨ (સમય ૧૬.૦૦ કલાક) સુધી છે. ભરેલ ટેન્ડરો રજી.પો.એ.ડી. / સ્પીડ પોસ્ટથી પરત મેળવવાની છેલ્લી તા. ૨૫/૧/'૨૨ કચેરી સમય સુધી

માહિતી/૧૯૨૭/૨૧-૨૨

### જાહેર નિવિદા નં. : ૧

રેન્જ ફોરેસ્ટ ઓફિસ માલપુર દ્વારા રેન્જમાં કરવાના રૂ. ૫.૦૦/- લાખ સુધીની મર્યાદામાં કરવાના થતાં વિવિધ પ્રકારના સિવિલ કામો માટે ઈ-૨ કે તેથી ઉપરના વર્ગીકરણનું પ્રમાણપત્ર ધરાવતા અથવા વન વિભાગમાં સિવિલ કામનો અથવા અન્ય વિભાગમાં સિવિલના કામોનો અનુભવ ધરાવતા ઈજારદારો પાસેથી ભાવો મંગાવવામાં આવે છે. ટેન્ડર અત્રેની કચેરીએથી રૂ. ૯૦૦/-નો નાયબ વન સંરક્ષકશ્રી, મોડાસાના નામે ડી. ડી. જમા કરાવીને તા. ૧૫/૧/૨૦૨૨, ૧૮.૦૦ કલાક સુધી મેળવી શકાશે. આ નિવિદાની વધુ વિગત રેન્ડ ફોરેસ્ટ ઓફિસ, માલપુર સંપર્ક કરવાનો રહેશે.

રેન્જ ફોરેસ્ટ ઓફિસ
માલપુર

નામાનિ/હિંમત/૫૦૭/૨૦૨૨

### ટૂંકી જાહેરખબર

રાહત નિયામક કચેરીના નીચે દર્શાવેલ વાહનોને સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર, પુનિતવન પાસે, છ-૪ સર્કલ, સેક્ટર-૧૮, ગાંધીનગર ખાતે રાખવામાં આવેલ છે, તેને જે તે હાલતમાં જ હરાજીથી વેચવાના હોવાથી રસ ધરાવતી વ્યક્તિ / સંસ્થાઓ જે ગુજરાત ગુડ્સ એન્ડ સર્વિસીઝ એક્ટ અંતર્ગત નોંધાયેલ હોય તેઓએ હરાજીની તારીખે ઉપસ્થિત રહેવા જણાવવામાં આવે છે.

**વાહન નંબર :-**

**(૧) જીજે-૧૮-જી-૨૪૪૮ મારૂતિ એસએક્સ ફોર (૨) જીજે-૧૮-જી-૫૧૧૧ મહિન્દ્રા બોલેરો**

ઉપર દર્શાવેલ સ્થળે સરકારી કામકાજના દિવસો દરમિયાન આ વાહનો જોઈ શકાશે. હરાજીની પ્રક્રિયા તા. ૨૦/૧/૨૦૨૨ના રોજ બપોરે ૧૨ કલાક હાથ ધરવામાં આવશે. અરજીનો નમૂનો તથા શરતો અંગેની વિગતો વહીવટી શાખા, રાહત નિયામકની કચેરી, મહેસૂલ વિભાગ, બ્લોક નં. ૧૧/૮, સચિવાલય, ગાંધીનગર ખાતેથી કચેરી સમય (રજાના દિવસ સિવાય) તથા વેબસાઈટ http://directorateofrelief.gujarat.gov.in પરથી મળી શકશે તથા તા. ૧૭/૧/૨૦૨૨ સુધીમાં મળેલ અરજીઓ હરાજીની કાર્યવાહી માટે ધ્યાને લેવામાં આવશે.

તા. ૬/૧/૨૨

સહી/-
નાયબ કલેક્ટર અને ઉપસચિવ
રાહત નિયામકની કચેરી
ગાંધીનગર

માહિતી/૧૯૩૦/૨૧-૨૨

**સ્થળ : સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર, પુનિતવન પાસે, છ-૪ સર્કલ, સેક્ટર-૧૮, ગાંધીનગર**